# 6. પાંચ દાણા

આ વાર્તાના કર્તા, અજ્ઞાત છે. પણ વરસોથી આમ પાઠ્યપુસ્તકમાં લેવાતી-ભણાવાતી એક નીવડેલી ચાતુર્ય કથા છે. ધનપાલ નામના શેઠ જે નામ પ્રમાણે ખરાં અર્થમાં ધનપતિ છે. ઘરમાં લક્ષ્મીની છોળો ઊડે છે. ઘરમાં ચાર દીકરા અને તેની ચાર વહુઓ છે. શેઠ આ વહુઓની પરીક્ષા લે છે. દરેકને અનાજના પાંચ-પાંચ દાણા સાચવવા આપે છે. વહુઓ તેની સમજ અનુસાર દાણાનો ઉપયોગ કરે છે. જ્યારે સૌથી નાની વહુ ચતુર અને સમજુ હતી. તે દાણા જમીનમાં ઉગાડી પાક સ્વરૂપે અઢળક દાણા, પાછા મેળવે છે. આમ, પરીક્ષા પછી શેઠ વહુઓની સૂઝ, સમજ અને આવડત પ્રમાણે ઘરનું કામ સોંપે છે.

આ ચાતુર્યકથા છે. ગદ્ય સાહિત્યની વાર્તા-કથાઓમાં હાસ્યકથા, લોકકથા, પ્રસંગકથા,વ્યંગકથા, ચાતુર્યકથા વગેરે પેટા પ્રકારો હોય છે. કથાના કેન્દ્રવર્તી વિચારના આધારે આવા પ્રકાર પાડી શકાય છે. આ કથામાં શેઠની પરીક્ષા લેવાની ચતુરાઈ અને નાની વહુએ દાખવેલી ચતુરાઈ કેન્દ્રમાં છે. તેથી ચાતુર્યકથા બને છે. જેના કર્તા જ્ઞાત અને અજ્ઞાત પણ હોઈ શકે. આ કથાઓ અબાલવૃદ્ધ સૌને પ્રિય હોય છે.

---

ધનપાલ શેઠનું નામ દૂર-દૂર સુધી જાણીતું હતું. દેશાવરની સાથે એમનો વેપાર ચાલતો હતો. એમને આંગણે લક્ષ્મીની છોળો ઊછળતી હતી. ઘરમાં ખરચતાં ખૂટે નહિ તેટલું ધન હતું. આમ છતાં શેઠ ગણતરીવાળા હતા. એ સમજતા હતા કે ઘરની રાણી આવડતવાળી ન હોય તો અઢળક ધન પણ ખૂટી જાય.

શેઠને ચાર દીકરા હતા. દીકરાઓની ચાર વહુઓ હતી. દીકરા તો જીવ પરોવીને વેપાર-ધંધામાં પડી ગયા હતા. એમની હોશિયારી અને સમજદારીથી શેઠને સંતોષ હતો. પણ દીકરાઓની વહુઓ ચાલાક અને ઘરરખુ છે કે નહિ એ જાણવાની શેઠને ઈચ્છા થઈ. એમનું પારખું કરવા માટે શેઠે એક યુક્તિ વિચારી કાઢી.

એક દિવસ શેઠે ચારે વહુઓને બોલાવીને કહ્યું, “બેટા, હું આજે તમને દરેકને ડાંગરના આ પાંચ-પાંચ દાણા આપું છું. કોઈક વાર એ દાણા હું તમારી પાસેથી પાછા માગીશ માટે એ દાણા જતન કરીને સાચવી રાખજો.” એટલું કહી એમણે દરેક વહુને પાંચ-પાંચ દાણા આપી વિદાય કરી. વહુઓ દાણા લઈ હસતી-હસતી ચાલી ગઈ.

મોટી વહુ જરા ઉછાંછળી અને છીછરી બુદ્ધિની હતી. એને થયું, ‘ડોસાય કેવા ઝીણા જીવના છે ! આપી આપીને ડાંગરના પાંચ દાણા !’ એમ વિચારી, દાણા બારી બહાર ફેંકી દઈ એ નિરાંતે સૂઈ ગઈ. સસરાજીની વાતનો મર્મ એ સમજી શકી નહિ.

બીજા છોકરાની વહુ જરાક લાગણીવાળી પણ લહેરી હતી. એને થયું, ‘સસરાજીએ ભલે પાંચ દાણા આપ્યા. એ તો એમની પ્રસાદી ગણાય. એને મામૂલી ચીજ ગણી ફેંકી ન દેવાય. પાછા માગશે ત્યારે જોયું જશે. કોઠીમાંથી કાઢીને બીજા દાણા આપતાં શી વાર લાગવાની છે ?’ એવો વિચાર કરતી, દાણા ફોલી કણ ખાઈ ગઈ. એને પણ સસરાજીની વાતનો મર્મ ન સમજાયો.

ત્રીજા છોકરાની વહુ જરાક ઝીણા સ્વભાવની હતી. એણે વિચાર્યું, ‘સસરાજીએ આપેલા પાંચ દાણા દાબડીમાં મૂકીને સાચવી રાખવા અને માગે ત્યારે દાબડી ખોલીને કાઢી આપવા. એમાં કંઈ મોટી વાત નથી.’ એમ વિચાર કરી એણે એ દાણાને દાબડીમાં મૂકી સંઘરી રાખ્યા. ત્રીજી વહુ પણ શેઠની વાતનો મર્મ સમજી શકી નહિ.

સૌથી નાના દીકરાની વહુ ચતુર અને સમજુ હતી. એને થયું, 'સસરાજીની વાતમાં કંઈક ઊંડો મર્મ હોવો જોઈએ. આ દાણા સંઘરી રાખવા એ વાત તો સાચી, પણ સંઘરેલા દાણા વખત જતાં બગડી જાય. એના કરતાં એ દાણા ખેતરમાં વવરાવી દઉં તો કેવું ? કણમાંથી મણ થતાં અનાજને કેટલી વાર ? અને સસરાજીને પણ એ જરૂર ગમી જશે.'

આમ વિચાર કરી એણે આ પાંચ દાણા પોતાના પિયરમાં મોકલાવીને વવરાવ્યા. એક સાલ ગઈ. બીજી સાલ ગઈ. પાક પાકતો ગયો ને વહુ એને ફરી ફરી વવરાવતી ગઈ. આ રીતે પેલા દાણા વધતા જ ચાલ્યા. પેલી ત્રણેય મોટી વહુઓ તો આ દાણાની વાત પણ ભૂલી ગઈ હતી. પણ ચોથી વહુને તો આ વાત હરહંમેશ યાદ રહેતી.

પછી એક દિવસ શેઠે ચારે વહુઓને બોલાવીને કહ્યું, "વહુબેટા, ડાંગરના પેલા પાંચ દાણા પાછા આપો." પહેલી બે વહુઓ કહે, "એ દાણા તો તે દહાડે જ પૂરા થઈ ગયા. હવે એ દાણા ક્યાંથી લાવીએ ? કહો તો કોઠીમાંથી પાંચ-પાંચ દાણા લઈ આવીએ." ત્રીજી વહુ કહે, "સસરાજી, મેં એ દાણા બરાબર સાચવી રાખ્યા છે. થોભો, હું દાબડી લઈ આવું." એમ કહી એ ઘરમાં ગઈ, અને દાબડીમાંથી કાઢી એણે પાંચેય દાણા સસરાજીના હાથમાં મૂક્યા.

નાની વહુ આ બધું જોતી ધીમું-ધીમું હસી રહી હતી. શેઠે કહ્યું, "દીકરા, તું કેમ કંઈ બોલતી નથી ? જા, તારા દાણા લઈ આવ. કેમ, લાવી શકીશ ને ?"

એણે કહ્યું, "સસરાજી, એ દાણા લાવવા માટે આપને મારે પિયર ગાડાં મોકલવાં પડશે. આજે હવે એ દાણા પાંચ નથી રહ્યા. એ વધી વધીને ગાડાં ભરાય તેટલા થયા છે."

પછી નાની વહુએ એ દાણાની વાત માંડીને કહી સંભળાવી. એ પરથી ધનપાલે ત્રણે મોટી વહુઓને કહ્યું, "તમારા સૌમાં આ નાની વહુ ઠરેલ અને ચતુર છે. આજથી આપણા આખા ઘરનો કારભાર એ ચલાવશે. તમે સૌ એના શાણપણનો લાભ લેજો."

અને પછી શેઠ નાની વહુ તરફ જોઈને બોલ્યા, "દીકરી, આજથી ઘરના કોઠારનો કારભાર તને સોંપું છું. મને ખાતરી થઈ છે કે તું આ ઘરની લક્ષ્મી છે. તારા હાથમાં આવેલી સંપત્તિ વધતી જ જશે. તું જ મારા ઘરને સારી રીતે સાચવી શકશે."

પછી એમણે ત્રીજી વહુને કહ્યું, "બેટા, આજથી રસોડાનો કારભાર તારે સાચવાનો." બીજી વહુને કહ્યું, "નોકરચાકર ઉપર દેખરેખ તારે રાખવાની." અને મોટી વહુને ક્હયું, "વહુજી, ઘરની સાફસૂફીની જવાબદારી તમારે સંભાળી લેવાની."

પછી શેઠે બધી વહુઓને કહ્યું, "સૌ પોતપોતાની સૂઝ પ્રમાણે અને સ્વભાવ પ્રમાણે વહેંચીને ઘરનું કામ કરશો તો ઘરની શોભા રહેશે અને બધાં સુખી થશો."

## ટિપ્પણ

**દેશાવર** - દેશ અને પરદેશ **લક્ષ્મીની છોળો ઊછળતી** - પુષ્કળ પ્રમાણમાં ધન હતું **ખરચતાં ખૂટે નહિ** - વાપરતાં પણ ઓછું ન થાય તેવું **ગણતરીવાળા** - ગણતરીબાજ, ગણતરી કરીને ખર્ચ કરનાર **ઘરની રાણી** - ગૃહિણી **અઢળક** - પુષ્કળ વધારે પ્રમાણમાં **જીવ પરોવવો** - એકચિત્ત થવું **ચાલાક** - ચતુર, હોશિયાર **ઘરરખુ** - ઘરવ્યવહાર સાચવનારું **પારખું** - જાણકાર **યુક્તિ** - કરામત, દાવપેચ **જતન** - જાળવણી, કાળજી **ઉછાંછળી** - અવિચારી શરમ વિનાની **છીછરી બુદ્ધિની** -

અપરિપકવ બુદ્ધિની **મર્મ** - રહસ્ય **લહેરી** - તરંગી, ઉડાઉ **પિયર** - પરણેલી દિકરીના પિતાનું ગામ **ગાડાં ભરાય તેટલાં** - વધારે પ્રમાણમાં **કણમાંથી મણ** - થોડામાંથી વધારે **વાત માંડીને કહી** - વિગતવાર વાત કહી **ઠરેલ** - શાણો, સમજુ **કારભાર** - કારોબાર **શાણપણ** - ચતુરાઈ, ડહાપણ **ઘરની શોભા** - ઘરની આબરૂ, ઘરની ઈજ્જત

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. શેઠે વહુઓને શું આપ્યું ? તે પછી શું કહ્યું ?
2. સૌથી નાના દીકરાની વહુ કેવી હતી ?
3. ધનપાલ શેઠને શું જાણવાની ઈચ્છા થઈ ?
4. મોટી વહુ કેવા ગુણો ધરાવતી હતી ?
5. ત્રીજા છોકરાની વહુએ દાણાનું શું કર્યું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. શેઠના દીકરાઓ કેવા હતા ?
2. પહેલી અને બીજી વહુએ દાણાનું શું કર્યું ?
3. સૌથી નાના દીકરાની વહુએ સસરાએ દાણા આપ્યા ત્યારે શું વિચાર્યું ?
4. સસરાએ દાણા માગતાં નાની વહુએ શું કહ્યું ?
5. શેઠે બધી જ વહુઓને બોલાવીને શું કહ્યું ?
6. મોટી વહુએ શેઠ વિશે શું વિચાર્યું ?
7. અંતમાં શેઠે ચારેય વહુઓને કઈ કઈ જવાબદારી સોંપી ?
8. ચોથા છોકરાની વહુએ કેવી રીતે એકમાંથી અનેક દાણા કર્યાં ?

**પ્રશ્ન 3. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ આપો.**

| | | | |
|---|---|---|---|
| 1. | ઈચ્છા | 4. | બહાર |
| 2. | ચતુર | 5. | હાસ્ય |
| 3. | સંતોષ | 6. | મામૂલી |

**પ્રશ્ન 4. 'અ' વિભાગની વિગતને 'બ' વિભાગની વિગત સાથે યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| (1) મોટી વહુ | (1) ચતુર અને સમજુ |
| (2) બીજા છોકરાની વહુ | (2) ઝીણા સ્વભાવની |
| (3) ત્રીજા છોકરાની વહુ | (3) લાગણીવાળી |
| (4) નાના છોકરાની વહુ | (4) ઉછાંછળી અને છીછરી બુદ્ધિની |

**પ્રશ્ન 5. કારણો આપો**

1. પહેલી વહુએ દાણા બારી બહાર ફેંકી દીધા.
2. બીજી વહુ દાણા ફોલીને ખાલી ગઈ.
3. નાની વહુએ દાણા પિયરે મોકલી આપ્યા.

4. નાની વહુએ કહ્યું, “દાણા લાવવા મારા પિયરે ગાડા મોકલો.

5. શેઠે ઘરનો કારભાર નાની વહુને સોંપ્યો.

**પ્રશ્ન 8. રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

1. લક્ષ્મીની છોળો ઉછળવી
2. જીવ પરોવવો
3. જતન કરવું
4. ઝીણા જીવનાં હોવું

**પ્રશ્ન 9. નીચેના શબ્દોની સાચી જોડણી લખો**

દિકરા, સંતોસ, છિછરી, બૂધ્ધિ, પીએર, ખાત્રી, સંપતી, સુજ

## પ્રવૃત્તિ

1. તમારા વર્ગશિક્ષકની મદદથી વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરો.
2. વાર્તાકથન કરતી વખતે કઈ કઈ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ તેના વિશે શિક્ષક પાસેથી જાણો.
3. આ વાર્તાને વર્ગખંડમાં નાટક સ્વરૂપે ભજવો.

## ભાષાસજ્જતા

### લિંગ (જાતિ)

ભાઈ-ભાભી, દાદા-દાદી, મામા-મામી, કાકા-કાકી, માસા-માસી.

આ સંજ્ઞાઓમાં દરેક પ્રથમ સંજ્ઞા જે વ્યક્તિનો નિર્દેશ કરે છે તે પુરુષ છે. તેથી તે સંજ્ઞાઓ પુલ્લિંગ છે. એમાં દરેક બીજી સંજ્ઞા ‘સ્ત્રી’ છે. તેથી તે સંજ્ઞાઓ સ્ત્રીલિંગ કહેવાય છે. ઉપરની સંજ્ઞાઓમાં છોકરાઓ માટે ‘પુલ્લિંગ’ અને છોકરીઓ માટે ‘સ્ત્રીલિંગ’ પણ ‘છોકરું’ કયા લિંગમાં ગણવું ? જે વ્યક્તિ ‘પુરુષ’ કે ‘સ્ત્રી’ ન હોય તે ‘નપુંસકલિંગ’ ગણાય. એ રીતે છોકરું ‘નપુંસકલિંગ’ ગણાય. તેને ‘નાન્યતર જાતિ’ પણ કહે છે.

### જાતિ (લિંગ) ઓળખવાની રીત :

- જે નામની આગળ ‘કેવો’ શબ્દ લગાડી પ્રશ્ન પૂછી શકાય તેને ‘પુલ્લિંગ’ કહે છે.
  દા.ત. : ‘કેવો છોકરો ?’
- જે નામની આગળ ‘કેવી’ શબ્દ લગાડી પ્રશ્ન પૂછી શકાય તેને ‘સ્ત્રીલિંગ’ કહે છે.
  દા.ત. : ‘કેવી છોકરી ?’
- જે નામની આગળ ‘કેવું’ શબ્દ લગાડી પ્રશ્ન પૂછી શકાય તેને ‘નપુંસકલિંગ’ કહે છે.
  દા.ત. : ‘કેવું છોકરું ?’

ગુજરાતીમાં જાતિના નામમાં ત્રણ જાતિ(લિંગ) હોય છે.

ત્રણે પ્રકારનાં લિંગ પારખવા માટે કેવો (પુલ્લિંગ), કેવી (સ્ત્રીલિંગ) અને કેવું (નપુંસકલિંગ) શબ્દ વાપરીને પ્રશ્ન પૂછશો એટલે ખ્યાલ આવશે.

**નર જાતિ–(પુલ્લિંગ)** : પુરુષ જાતિ માટેનાં નામો માટે વપરાય છે.
વર, પત્ર, આનંદ, સજ્જન, કંઠ, પક્ષપાત, કાગડો, દીકરો

**નારી જાતિ–(સ્ત્રીલિંગ)** : સ્ત્રી જાતિ માટેનાં નામો માટે વપરાય છે.
શરદી, બાટલી, તબિયત, હવા, રોટલી, કૉફી, ઘોડી

**નાન્યતર જાતિ–(નપુસકલિંગ)** : નાન્યતર જાતિનાં નામો માટે વપરાય છે.
ઘર, મગજ, કાર્ય, ડોકું, વંદન, પુસ્તક, બાળક, કોળું

| પુલ્લિંગ | સ્ત્રીલિંગ | નપુંસકલિંગ |
|---|---|---|
| છોકરો (કેવો) | છોકરી (કેવી) | છોકરું (કેવું) |
| દડો (કેવો) | ઢીંગલી (કેવી) | રમકડું (કેવું) |
| કૂતરો (કેવો) | કૂતરી (કેવી) | કૂતરું (કેવું) |
| દેડકો (કેવો) | દેડકી (કેવી) | દેડકું (કેવું) |

**સ્વાધ્યાય કાર્ય : 1. નીચેના શબ્દોનાં લિંગ અલગ પાડો.**

સાઈકલ, બિલાડી, સાગર, રમકડું, ઝાડ,
સૂરજ, નદી, સિંહણ, ઘડિયાળ, ભમરડો.

**2. કૌંસમાથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

1. ભસતો ...... ભાગ્યે જ કરડે. (કૂતરો, કૂતરી, કૂતરું)
2. હસતું ...... કોને ના ગમે? (સ્ત્રી, પુરુષ, બાળક)
3. ઊંચી ...... પડી ગઈ. (છોકરી, છોકરું, છોકરો)
4. પેલી ...... કૂતરી તમારી છે. (કાળી, કાળો, કાળું)
5. આંબા ઉપર ...... કેરીઓ છે. (કાચુ, કાચો, કાચી)